# ટમટમ

– લતા હિરાણી

ટીનુ–મીનુ સૌથી પહેલી બેંચ **ઊપર** બેસે. બંને ખૂબ હોશિયાર. રમતગમતમાં પણ એક્કા એટલે ટીચરે એમને કદી ઠપકો આપવો પડતો નહીં.

વર્ગ ચાલી રહ્યો હતો પણ આજે કોઈનું મન ભણવામાં નહોતું લાગતું. બધાની નજર વારેવારે બારીની બહાર જતી હતી. ટીચર પણ ચિંતાતુર બની બહાર જોયા કરતા હતા.

બે દિવસથી એકધારો વરસાદ પડી રહ્યો હતો. ટીચરે પુસ્તક એક બાજુ મૂક્યું. ‘‘ચાલો, કોણ વાર્તા કહેશે ?’’ બાળકો ખુશ થઈ ગયાં. વાર્તા કહેવામાં ટીનુ માસ્ટર હતો. હજુ તો ટીનુ ઊભો થયો ત્યાં બહારથી બૂમ સંભળાઈ.

‘‘ભાગો, ભાગો નદીમાં રેલ આવી છે.’’

બાળકો રડારોળ કરવા લાગ્યાં. થોડી જ મિનિટોમાં શાળાનું કમ્પાઉન્ડ પાણીથી ભરાવા લાગ્યું. શિક્ષકો બાળકોની વ્યવસ્થામાં લાગ્યા ત્યાં તો શાળાની લોબીમાં પાણી ભરાઈ ગયું. શાળા જાણે ટાપુ બની ગઈ. ચારે તરફ દરિયો. શાળામાંથી બહાર નીકળવાનો કોઈ રસ્તો નહોતો.

આચાર્યે બધાને અગાસી પર ચડી જવાનું કહી દીધું.

એકબીજાનો હાથ પકડી સાંકળ બનાવી બાળકો ફટાફટ ઉપર પહોંચી ગયાં. ધીમો ધીમો પણ વરસાદ ચાલુ હતો. કેટલાંક બાળકો બીકનાં માર્યાં જોર જોરથી રડતાં હતાં. ટીનુ–મીનુ આવાં બાળકોને સમજાવતા હતા.

‘‘અરે, રડે છે શું ? હમણાં પાણી ઊતરી જશે એટલે આપણે ઘરે જતાં રહીશું. આપણે બધાં સાથે જ છીએ. એમાં ડરવાનું શું ?’’

પાણી તો વધતું ચાલ્યું. બધાં ભૂખ્યાં ડાંસ થયાં હતાં. લંચબોક્સ ક્યારનાં પતી ગયાં હતાં. નજર સામે પાણી સિવાય કંઈ નહોતું દેખાતું. હિલોળા લેતું પાણી, ઘૂમરીઓ ખાતું પાણી. પાણી જાણે સાક્ષાત્ મોત બની નાચતું હતું.

આમ ને આમ રાત પડી. અંધારું વધારે બિહામણું બની ગયું. ઉપરથી વરસાદ બંધ થવાનું નામ નહોતો લેતો.

બાળકો બિચારાં થાકેલાં, અરધાં ઊંઘમાં, અરધાં જાગતાં, ટૂંટિયું વાળીને પડયાં હતાં. શિક્ષકોને કંઈ રસ્તો નહોતો સૂઝતો. બધા ભગવાનને યાદ કરતા હતા.

એવામાં મીનુએ અગાશીનાં પગથિયાં પાસે કંઈક અવાજ સાંભળ્યો. આ શું ? મીનુએ **ધ્યાનથી** સાંભળ્યું તો. ગલૂડિયાના રડવાનો અવાજ હતો. એ દોડયો.

‘‘અરે આ તો ઉષામાસીની ટમટમ ! અહીં ક્યાંથી ?’’

નાનકડી ટમટમ પાણીમાં તણાઈને આવી ગઈ હતી. હજુ પંદર દિવસ પહેલાં જ ઉષામાસીની શેરીમાં કૂતરી વિયાઈ હતી. પાંચ ગલૂડિયાં આવ્યાં હતાં. એમાંની એક આ ટમટમ. સફેદ રુંવાટીવાળી ટમટમ બધાંથી અલગ તરી આવતી. ટીનુ–મીનુને એ બહુ વહાલી હતી.

‘‘અરે ટમટમ’’ કહેતાં બંને એકને બાઝી પડયાં. એને ઊંચકીને બધાંની વચ્ચે લઈ આવ્યા, ‘‘જુઓ, જુઓ, આ ટમટમ આપણી ખબર પૂછવા આવી છે.’’ ઘડી વાર બધાં  પોતાનું દુઃખ ભૂલી ગયાં. સૌના જીવમાં જીવ આવ્યો, ‘કોઈ કહે’ , ટમટમને ઠંડી લાગે છે.’ કોઈ કહે, ‘ટમટમને ભૂખ લાગી છે.’ હવે બધાંને ટમટમની ચિંતા થવા માંડી.



‘‘જો ને કેવી ટાઢથી ધ્રૂજે છે !’’ બાળકોએ એને દફતર ઓઢાડી દીધાં. ટમટમ થોડી વાર ભૂખથી ભસી પછી બધાંની વચ્ચે તેને ગરમાવો મળતાં ચૂપ થઈ ગઈ.

આખી રાત બાળકો અને ટમટમ એકબીજાની હૂંફે બેસી રહ્યાં. થોડું **ઉંઘ્યા**, થોડું જાગ્યાં. માંડ માંડ સવાર પડી. થોડું અજવાળું થયું પણ સૂરજદાદા દર્શન દેવાનું નામ નહોતા લેતા.

બાળકો થાકીને ઠૂસ થઈ ગયાં હતાં. ટીનુ–મીનુ પણ થાક્યા હતા. ટમટમના આવવાથી થોડું ચેતન આવ્યું હતું ખરું. પણ ભૂખ કહે મારું કામ. ઉપરથી વરસાદ ને નીચે દરિયો. એમાં ખાવાનું મળે ક્યાંથી ? એક ટમટમને જાણે બધી વાત સમજાઈ ગઈ હોય એમ એ ચૂપ થઈ ગઈ હતી.

થોડી થોડી વારે એ બધાં પાસે આંટો મારી આવતી. પછી ટીનુ–મીનુ પાસે આવીને બેસી જતી. ક્યારેક ટીનુ એને ખોળામાં લેતો તો એ મોઢું એની છાતી સાથે દબાવી દેતી. બીજો દિવસ પણ આકાશ સામે જોતાં જોતાં નીકળી ગયો. કેટલાંક બાળકો બેભાન જેવાં થઈ ગયાં હતાં. ત્રીજે દિવસે એક હેલિકોપ્ટર આકાશમાં દેખાયું. બાળકો બે હાથ ઊંચા કરી બૂમાબૂમ કરવા માંડયાં. આટલા વખતે હવે ટમટમ ભસવા માંડી. હેલિકોપ્ટર તો ચક્કર લગાવીને જતું રહ્યું. વળી રડારોળ ફેલાઈ ગઈ.

ત્રીજો દિવસ થયો. વરસાદે જરા રાહત આપી હતી. ફરી એક હેલિકોપ્ટર દેખાયું. બધાં જીવ પર આવી બૂમો પાડવા લાગ્યાં અને આકાશમાંથી કંઈક પડતું દેખાયું. બે ચાર પેકેટ પડયાં. એક પેકેટ સીધું ટમટમના માથા પર પડયું.

ટમટમને એને **સૂંઘ્યું**. મોઢામાં ઊંચકી એ ટીનુ–મીનુ પાસે આવી. મીનુના ખોળામાં નાખી એ ચુપચાપ ઊભી રહી. બંનેની આંખમાં આંસુ છલકાયાં. બંને ટમટમને વળગી પડયા. એમણે ટમટમને ખવડાવવા પ્રયત્ન કર્યો પણ એણે ન જ ખાધું.

આ બાજુ હેલિકોપ્ટરમાંથી થોડાંક ફૂડપેકેટ પડયાં. બાળકોમાં ઝૂંટાઝૂંટી થઈ. જેના હાથમાં આવ્યું એ ખાવા લાગ્યાં.

ટીનુ–મીનુ ટમટમે આપેલું પેકેટ પકડી ઊભા રહ્યા. હેલિકોપ્ટર ઊડીને જતું રહ્યું. ટીનુએ ટમટમને ખવડાવવા કોશિશ કરી પણ એણે એક ટુકડો પણ મોંમાં ન નાખ્યો.

પેકેટમાં માત્ર બે પૂરી હતી. ટીચરના કહેવાથી ટીનુ–મીનુએ એક એક પૂરી ખાધી. અમે ખાઈશું તો જ ટમટમ કંઈક ખાશે એવું એમને સમજાઈ ગયું હતું. પેકેટમાંની પૂરી ખાતાં બંનેની આંખ ભીની હતી.

સાંજ સુધીમાં પાણી ઊતરી ગયાં. કોઈનામાં કંઈ તાકાત બચી નહોતી, પણ જેવી નીચે જવા જેવી સ્થિતિ થઈ કે એમના ચહેરા પર થોડું તેજ આવી ગયું. બધાં નીચે ઊતર્યાં.

નીચે જાણે વિખૂટાં પડેલાંઓનો મેળો જામ્યો હતો. બાળકો અને માતા–પિતા બધાં રડતાં હતાં. આ આનંદના આંસુ હતાં.

સૌ ચાલ્યાં ઘર ભણી.

''અરે ટમટમ ક્યાં ?'' ટીનુએ પૂછ્યું.

બંનેની નજર એને શોધવા લાગી. ટમટમ હજુ શાળાની લોબીમાં ઊભી હતી.

બંને દોડીને એને ઊંચકીને લઈ આવ્યા. ટીનુનાં મમ્મી ડબામાં રોટલી લાવ્યાં હતાં. એમણે એ ટમટમને આપી. ટમટમની આંખમાં આંસુ હતાં...

અને બધાંની આંખો છલકાઈ ગઈ.

હવે રોજ સ્કૂલબસ આવે છે ત્યારે ટમટમ સૌથી પહેલી બસ પાસે પહોંચે છે અને બસ ઊપડે પછી બધાંને 'બાય બાય' કહીને જ ત્યાંથી ખસે છે.

■